ફોજદારી કેસ નં. ૩૪૩૧/ ૨૦૨૧
વરણામા પોલીસ સ્ટેશન ફસ્ટ/સેકન્ડ ગુ.ર.નં. /

**<u>આંકઃ-૧ નીચે હુકમ</u>**

<u>ફરીયાદી</u>
શ્રી સરકાર

વિરૂધ્ધ.

<u>આરોપી</u>

**૧.** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુન્હા અંગેનું તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ (કે જેને હવે પછીથી હુકમની સરળતા ખાતર ''અધિનીયમ,૨૦૦૫'' તરીકે સંબોધેલ છે) ની કલમ-..... (કલમ ૫૧(બી) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે અને તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુન્હાની તપાસ પુર્ણ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧ ૭૩ અન્વયે અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતાં આ અદાલત ધ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૪ અન્વયે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**૩.** સદરહું ચાર્જશીટ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ કલમ-૧૮૮ મુજબના ગુન્હા અંગેનો આક્ષેપ છે ત્યારે, ફોજદારી કાર્યરીતિ સંહિતાના પ્રકરણ-૧૪, કલમ-૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમા, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો સંજ્ઞાન લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો ''**<u>આ પ્રકરણની જોગવાઈઓને આધિન</u>** '' એટલે કે, કલમ ૧૯૫ ધ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમ વંચાણે લેતા, જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી **ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતિ** અંગેની જોગવાઈ

કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) કોઈ પણ અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ શકશે નહી. સિવાય કે સંબંધીત જાહેર નોકરે ફરીયાદ કરી હોય અથવા તે જેને આધિન હોય તેવા જાહેર નોકરે લેખીતમાં ફરીયાદ કરેલ હોય. આમ, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનું સંજ્ઞાન કાયદાકીય જોગવાઈને લક્ષમાં લેતા લઈ શકાય નહી.આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમા, આ કાયદાની કલમ ૧૯૦ તથા કલમ–૧૯૫ ની વિગતવારની ચર્ચા કરી એવુ ઠરાવવામા આવેલ છે કે, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. <u>**૧.**</u> ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૭૪૭૩/૨૦૨૦, સાજીદખાન વાહીદખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ **૧૪/૦૬/૨૦૨૧** <u>**૨.**</u>ક્રિ મીનલ પરચુરણ અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦ <u>**૩.**</u> ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧ ૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ <u>**૪.**</u> સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૫/૦૨/૨૦૧૯ <u>**૫.**</u> ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ <u>**૬.**</u> સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭. <u>**૭.**</u> ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, **ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની** વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ <u>૮.      </u> સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૬૨૪ ૪/૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧ ૦/૨૦૧૫.

વધુમાં આ કામના આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતાં આ કામના આરોપી વિરુધ્ધ અધિનીયમ,૨૦૦૫ની કલમ (કલમ ૫૧/કલમ ૫૨/કલમ ૫૪) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે. સદર

અધિનીયમ,૨૦૦૫ ની કલમ–૬૦ કે જેમાં અદાલત ધ્વારા ગુન્હાનું સંજ્ઞાન લેવા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે જે જોગવાઈ આ હુકમની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

*"**60. Cognizance of offences :–***

*No C**ourt shall take cognizance of an offence under this Act except on a complaint made by–***

*(a) the National Authority, the State Authority, the Central Government, the State Government, the District Authority or any other authority or officer authorised in this behalf by that Authority or Government, as the case may be; or*

*(b) Any person who has given notice of not less than thirty days in the manner prescribed, of the alleged offence and his intention to make a complaint to the National Authority, the State Authority, the Central Government, the State Government, the District Authority or any other authority or officer authorised as aforesaid. "*

ઉપરોકત કલમ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, કોઈ પણ અદાલત કલમ–૬૦(એ) માં દર્શાવેલ અધિકૃત વ્યકિતની ફરિયાદ સિવાય અને કલમ–૬૦(બી)માં કરવામાં આવેલ જોગવાઈનું પાલન કર્યા બાદ કોઈ વ્યકિતએ કરેલ ફરીયાદ સિવાય આ અધિનીયમ,૨૦૦૫ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનું સંજ્ઞાન લઈ શકશે નહી. આમ, અધિનીયમ,૨૦૦૫ની કલમ–૬૦ માં ગુન્હા અંગેના સંજ્ઞાન લેવા

બાબતે કાનુની જોગવાઈ કરવામાં આવેલ છે અને તે લક્ષમાં લેતાં કલમ–૬૦ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટ આધારે અદાલતને આ અધિનીયમ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનું સંજ્ઞાન લેવાની કોઈ સત્તા નથી.

**૪.** વધુમાં, જો સદરહું ગુન્હા અંગેનું સંજ્ઞાન લેવામાં આવેલ હોય તો તે **સમગ્ર કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂઆતથી જ હકુમત વગરની છે.** તેવુ નામદાર સર્વોચ્ચ અદાલતે નીચેના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે.

Daulat Ram

V/S

State of Punjab And Haryana 1962(0)

AIJEL-SC-7349,

Date :- 25/01/1962

**4...** **In our opinion, this is not a due compliance with the provisions of that section. What the section Contemplates is that the complaint must be in writing by the public servant concerned and there is no such compliance in the present case.** The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant namely the Tehsildar in this case. " **The trial was thus without Jurisdiction ab intio and the conviction cannot be maintained.** "

**૫.** આમ, જયારે અધિનીયમ,૨૦૦૫ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હાનું સંજ્ઞાન અદાલત અધિનીયમની કલમ–૬૦ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ માત્ર ફરિયાદ ઉપરથી લઈ શકે છે ત્યારે હાથ ઉપરના કેસમાં અધિનીયમ,૨૦૦૫ની કલમ–૬૦(એ) માં જણાવ્યા મુજબના કોઈ અધિકૃત વ્યકિત ધ્વારા અદાલત સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ નથી કે કલમ–૬૦(૨) માં કરવામાં આવેલ જોગવાઈનું પાલન કરીને તેવી વ્યકિત ધ્વારા

અદાલત સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં જો આ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ તથા નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત રજુ કરેલ ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં સમગ્ર ઈન્સાફી કાર્યવાહી શરૂઆતથી જ હુકુમત વગરની ગણાય ત્યારે આ તબકકે આ અદાલતનું ધ્યાન ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ ૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ઉપર જાય છે, જે ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

***"258. Power to stop poceedings in certain cases.***

*In any summons-case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgement and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgement of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge."*

એ હકીકત સ્પષ્ટ છે કે, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલ પધ્ધતિથી કરવાની રહે છે. વધુમાં આ અદાલત ધ્વારા ગુન્હાનું સંજ્ઞાન પોલીસ રીપોર્ટ ઉપરથી લેવામાં આવેલ છે ત્યારે ઉપરોકત કાનુની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોઈ તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો ર્નિદોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવી હોય તેવી થશે.

૬. આમ, ઉપરોકત કલમ વંચાણે લેતા ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજિસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈ પણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સતા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બીનતહોમત મુકત કરવામાં આવેલ હોય તેવી થશે.

૭. આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો જે હુકમ કરવામાં આવેલ છે. તે શરૂઆતથી જ હકુમત વગરનું હોય, આ કાયદાની કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સતાની રૂએ બંધ કરી, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ની કલમ ૫૧(બી) મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૦ માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી, મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૦ – ૦૭ –૨૦૨૧
સ્થળ:વડોદરા.

( એચ.જે.ગઢવી)
૬ઠા એડિશ્નલ સિવિલ જજ અને
એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
કોડ નં.જી.જે.૦૧૫૧૯